# દેગામ હાઈસ્કૂલમાં સિકલસેલ એનિમિયા કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત સ્ક્રિનિંગ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) દેગામ, તા.૧૯ ।

દેગામ હાઈસ્કૂલમાં સિકલસેલ એનિમિયા કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત સ્ક્રિનિંગ કાર્યક્રમ યોજાયો - નવસારી જિલ્લાની ભીમભાઈ ભગવાનજી દેસાઈ હાઈસ્કૂલ દેગામમાં જિલ્લા પંચાયત આરોગ્ય શાખા નવસારી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દેગામના સંયુક્ત ઉપક્રમે શાળામાં અભ્યાસ કરતા બાળકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. સાથે સાથે સિકલસેલ રોગોની અટકાયત અંગે પણ સમજણ આપવામાં આવી હતી. સિકલસેલ રોગ વારસાગત રોગ છે જેને લગતી સમસ્યાનો વ્યાપ અટકાવી શકાય. જો સ્ત્રી પુરુષ બંને સિકલસેલ વાહક એટલે કે, રોગ ધરાવતા હોય તેમના લગ્ન એકબીજા સાથે ન થવા જોઈએ



એ અંગેની સમજણ આપવામાં આવી હતી. લગ્ન પહેલા આ રોગ અંગેની તપાસ દ્વારા આ રોગને અટકાવી શકાય છે તથા આ રોગને અટકાવવા લગ્નગ્રંથિથી જોડાતા પહેલા સિકલસેલ તપાસ કરાવી સ્ક્રીનિંગ ફરજિયાત કરાવવું જોઈએ તે અંગે જાણકારી આપવામાં આવી હતી.